## આંક–૧ લગત હુકમ

(૧) ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ ઈ.પી.કો. કલમ–૨૬૯, ૧૮૮ તથા એપીડમીક એક્ટ સને ૧૯૮૭ ની કલમ–૩ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપીને ધોરણસર સમન્સની બજવણી થતાં તેઓ કોર્ટ રૂબરૂ હાજર થતા, તેઓને પોલીસ પેપર્સની નકલો આપી, આ ગુનો સ્વેચ્છાએ કબુલાત કરવા માંગે છે, તેમ જણાવી તે અંગે સ્વેચ્છાએ કબુલાત પુરસીસ રજુ કરેલ છે જેથી ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે, જેમાં આરોપીએ સ્વેચ્છાપુર્વક ગુનાની કબુલાત કરી, કેસનો નિકાલ કરવા માંગતા હોય, તેમજ ભવિષ્યમાં આવો ગુનો ન થાય, તેની કાળજી રાખવાનું જણાવી રહેમ કરવા રજુઆત કરેલ છે. વધુમાં આરોપી અદાલત સમક્ષ હાજર થતા આરોપીને ગુનો કબુલ કરવા અંગે સાંભળવામાં આવેલ છે તેમજ આરોપીએ પોતે સ્વેચ્છાપુર્વક સદર ગુનો કબુલ કરી અને પોતાનો પ્રથમ ગુનો હોય અને ભવિષ્યમાં ગુનો કરશે નહીં તેવી ખાત્રી આપી ઓછો દંડ કરવા રજુઆત કરેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબુલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં સ્વેચ્છાપુર્વક ગુનો કબુલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોય અને પોતે ભવિષ્યમાં ગુનો નહીં કરે તેની ખાત્રી આપી રહેમ કરવા રજુઆત કરેલ છે. આરોપીની રજુઆત તથા કબુલાત ધ્યાને લેતાં તેમજ ઉપરોક્ત કેસમાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને લક્ષમાં લેતાં, આરોપીને હળવી સજા કરી સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોય, આરોપીની કબુલાત, આરોપીની આર્થિક–સામાજિક સ્થિતિ તેમજ કેસના વિશિષ્ટ સંજોગો વિગેરે હકીકતો ધ્યાને લેતાં તેમજ આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ હોવાથી કાયદામાં નિર્દિષ્ટ પુરેપુરી સજા નહીં કરતા આરોપીને તેઓની સામેના ગુનાઓનો પ્રકાર વિગેરે ધ્યાને રાખી ઓછામાં ઓછી સજાનો હુકમ કરવાનો યોગ્ય જણાય છે. આમ, આરોપીની ગુના કબુલાત સ્વેચ્છીક હોવાનું જણાય આવતુ હોવાથી તેની ગુના કબુલાત પુરસીસ સ્વીકારી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## – હુકમ –

આ કામના આરોપીને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે આરોપીની કબુલાત પુરસીસના આધારે ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૬૯, ૧૮૮ તથા એપીડમીક એક્ટ સને ૧૯૮૭ ની કલમ–૩ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવીને આરોપીને રૂા.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા) ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી જો સદરહું દંડની રકમ ભરવામાં કસુર કરે તો તેને દિન–૩ (ત્રણ) ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

**વડોદરા.**
**તા.૧૦/૦૭/૨૦૨૧**

**(બી.ડી. પરમાર)**
**જીજે ૦૦૭૫૯**
**૬ઠ્ઠા એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ, વડોદરા.**